| GJDH090000172018 | RECEIVED ON | 02-04-2018 |
|---|---|---|
| | REGISTERED ON | 02-04-2018 |
| | DECIDED ON | 30-08-2022 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 28 04 04 |

# દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા કમિશનર શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, દાહોદ

**વ.કો.(ફેટલ) અરજી નં.૦૩/૨૦૧૮**
**આંક–૫૮**

**અરજદાર:–** ગુજરનાર મુકેશભાઈ ખેતાભાઈ ડામોરના વારસદાર

**(૧)** ખેતાભાઈ માલજીભાઈ ડામોર (પિતા)
રહેવાસી. ટાંડી, પો.ટાંડી, તા.ઝાલોદ, જી.દાહોદ

**(૨)** કમલીબેન ખેતાભાઈ ડામોર (માતા)
રહેવાસી. ટાંડી, પો.ટાંડી, તા.ઝાલોદ, જી.દાહોદ

**વિરૂધ્ધ**

**સામાવાળા :–(૧)** કોન્ટ્રાકટર શ્રી રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ બાબુભાઈ પટેલ
રહે.૧૩૪, કર્ણાવતી પાર્ક, અમરાવાડી, અમદાવાદ, તા.જી.અમદાવાદ

**(૨)** (રવિકુમાર મોહનભાઈ મકવાણા) આંક–૨૭ ના હુકમ મુજબ ડીલીટ કર્યા
રહે. ભાનુમતિની ચાલી, ઘર નં.૨૮, ભીલવાસ, અમરાવાડી,
અમદાવાદ, તા.જી.અમદાવાદ.

**(૩)** (દેવજીભાઈ નારાયણ પરમાર) આંક–૨૭ ના હુકમ મુજબ ડીલીટ કર્યા
રહે. વલ્લભનગર, રબારી કોલોની, અમરાવાડી,
અમદાવાદ, તા.જી.અમદાવાદ.

**(૪)** અમદાવાદ મ્યુન્સીપલ કોર્પોરેશન, (આંક–૯ ના હુકમ મુજબ જોડયા)
દાણીપીઠ, અમદાવાદ.

**(૫)** એન.જી.ઓ.સાથ (આંક–૯ ના હુકમ મુજબ જોડયા)
ઠે.ઓ/૧૦૨, નંદનવન–૫, પ્રેરણાતીર્થ જૈન દેરાસર પાસે,
જોધપુર, અમદાવાદ–૩૮૦૦૧૫

**(૬)** મેનેજરશ્રી, (આંક–૯ ના હુકમ મુજબ જોડયા)
યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કું.લી.
ઠે. નેપચ્યુન ટાવર, પહેલો માળ, નહેરૂ બ્રીજ કોર્નર, આશ્રમ રોડ,
અમદાવાદ.

**હાજર રહયા :–** અરજદારો તરફે વિ.વ.શ્રી આર.એન.પારગી/ શ્રી એમ.ટી.ભુરીયા
સામાવાળા નં.૧ થી ૩ તરફે વિ.વ.શ્રી એલ.એમ.પાટીલ/ શ્રી આર.એસ.ઠાકુર
સામાવાળા નં.૪ તરફે વિ.વ.શ્રી એલ.આર.સિન્ધી
સામાવાળા નં.પ તરફ ગેરહાજર
સામાવાળા નં.૬ તરફે વિ.વ.શ્રી આઈ.એ.મુન્ડા

**–:: હુકમ ::–**

**(૧)** સદર અરજી આ કામના અરજદારોએ કામદાર વળતર ધારો–૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે (કે જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.) ની જોગવાઈઓ હેઠળ દાખલ કરી તેઓના ગુજરનાર પુત્ર મુકેશભાઈ ખેતાભાઈ ડામોરનું સામાવાળાઓની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત મૃત્યુ થયેલ છે તેમ જણાવી તેના વળતરની રકમ રૂા.૫,૦૬,૭૪૫/– વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત સામાવાળાઓ પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલી છે.

**(૨)** સદર કામ, અરજદારોની વ.કો.પરચુરણ અરજી નં.૩૬/૨૦૦૯ માં તા.૨૬/૦૩/૧૮ ના રોજ મારા પુરોગામીશ્રી ધ્વારા હુકમ કરી થયેલ વિલંબ માફ કરી વળતર અરજી રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવતાં, બોર્ડ ઉપર લેવામાં આવેલ છે.

**(૩)** અરજદારોની અરજીની વિગત ટુંકમાં એવી છે કે, તેઓ દાહોદ જિલ્લાના ટાંડી ગામના કાયમી રહીશ છે અને મજુરી કામ કરી તેઓનું ગુજરાન ચલાવે છે. જયારે સામાવાળા નં.૧ અમદાવાદ જિલ્લાના વતની છે અને તેઓ પાઈપ લાઈનો નાંખવાના કોન્ટ્રાકટથી કામો રાખી મજુરો ધ્વારા ખોદકામ કરાવે છે અને સામાવાળા નં.૨,૩ નાઓ સામાવાળા નં.૧ સાઈડોનું સુપરવીઝન રાખી મજુરોથી કામ કરાવે છે. અરજદારોનો ગુજરનાર પુત્ર મુકેશભાઈ ખેતાભાઈ ડામોર સામાવાળાઓની અમદાવાદ ખાતે મ્યુનસિપાલટીની ગટર લાઈનનું કામ ચાલતુ હતુ ત્યાં તેઓની સાઈડ ઉપર તેઓના કોન્ટ્રાકટમાં ખોદકામનું મજુરી કામ કરતો હતો. તેઓનો ગુજરનાર પુત્ર તથા તેઓનો બીજો પુત્ર રસુલભાઈ તેમજ અન્ય મજુરો તેઓના ગામના હતા તેઓ કામની સાઈડ ઉપર તા.૧૫/૦૭/૨૦૦૪ ના રોજ ગયા ત્યારે સામાવાળા નં.૨,૩ સુપરવાઈઝરે ગટર નવ ફુટ ઉંડી છે હજુ તેમાં ખોદાણ કામ કરવાનું છે તેમ જણાવતાં તેઓના ગુજરનાર પુત્ર તથા અન્ય મજુરોએ નીચેનો ભાગ રેતીવાળો હોવાથી ભેખડ પડી જશે તેમ જણાવેલું અને ૧૧:૦૦ વાગ્યે તેઓના મેઈન કોન્ટ્રાકટર રાજુભાઈ બાલુભાઈ પટેલ આવતાં તેઓને પણ જણાવેલું છતાં તેઓએ સાંજના ૬:૦૦ વાગ્યે તેઓના ગુજરનાર પુત્ર તથા અન્ય બે મજુરોને તે ગટરમાં ખોદકામ કામ કરવા માટે ઉતારેલા અને નવ ફુટ ઉંડી ગટરમાંથી તગારાથી માટી ભરીને ઉપર આપતા હતા તે સમયે ગટરની ભેખડ ખડી પડવાથી તેઓનો ગુજરનાર પુત્ર દટાઈ ગયેલો અને બાકીના ત્રણ મજુરો અંદર હતા તેઓ ખસી ગયેલા અને તે સમયે બધા મજુરોએ ભેગા મળી તેઓના પુત્રને બહાર કાઢી એમ્બ્યુલન્સમાં અમદાવાદ ખાતે આવેલ વાડીલાલ હોસ્પીટલમાં લઈ ગયેલા જયાં ડૉકટરશ્રીએ તપાસ કરતા તેઓના પુત્રને મરણ જાહેર કરેલા. અકસ્માત બાબતે તા.૧૫/૦૭/૦૪ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૨૫૧/૦૪ થી ઈ.પી.કો.કલમ–૩૦૪, ૧૧૪ મુજબ ફરીયાદ રજીસ્ટર કરાવેલ છે. આમ,

તેઓના ગુજરનાર પુત્ર અને સામાવાળાઓ વચ્ચે માલીક–નોકરના સંબંધો પ્રસ્થાપિત થયેલા છે અને તેઓના ગુજરનાર પુત્રનું સામાવાળાઓના ત્યાં તેઓની સુચના મુજબ કામગીરી કરતા દરમ્યાન થયેલ અકસ્માતના કારણે મૃત્યુ થયેલ હોઈ વ.કો.એકટની જોગવાઈ મુજબ સામાવાળાઓ વળતર ચુકવવા જવાબદાર બને છે. અકસ્માત સમયે તેઓના ગુજરનાર પુત્રની ઉંમર ૧૯ વર્ષની હતી તેમજ દૈનિક રૂા.૧૫૦/– મુજબ માસીક રૂા.૪૫૦૦/– ની ૫૦% રકમ રૂા.૨૨૫૦/– ને ઉંમરના રીલેવન્ટ ફેકટર ૨૨૫.૨૨ સાથે ગુણતા રૂા.૫,૦૬,૭૪૫/– અકસ્માત વળતરની રકમ થાય છે જે રકમ સામાવાળાઓએ ચુકવેલ નથી કે ચુકવવા તૈયારી બતાવેલ નથી કે કમિશનર સમક્ષ જમા કરાવેલ ન હોઈ વળતરની રકમ ૧૫% વ્યાજ અને ૫૦% પેનલ્ટી સહિત ચુકવવા સામાવાળાઓ જવાબદાર બને છે. સામાવાળાઓએ તેઓ પાસે લેબરનો વીમો હોઈ વીમો પાકશે ત્યારે વળતર ચુકવી આપશે તેવો ખોટો વિશ્વાસ અને ભરસો આપી અરજદારોને ગેરમાર્ગે દોરેલા અને આજદિન સુધી કોઈ વળતરની રકમ ચુકવી આપેલ ન હોઈ હાલની અરજી કરવી પડેલ છે. જેથી સામાવાળાઓ માંગ્યા મુજબની અકસ્માત વળતરની રકમ  વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત ચુકવી આપે તેવો હુકમ કરવો જોઈએ.

**(૪)** સામાવાળા નં.૧ થી ૩ તરફે આંક–૦૭ થી લેખિત જવાબ રજુ કરી અરજદારોની અરજીની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, અરજદારોનો પુત્ર મુકેશભાઈ ખેતાભાઈ ડામોર સામાવાળા નં.૧ ના કોન્ટ્રાકટ કે જે અંબિકા કોર્પોરેશનના નામે ચાલતો હતો તે કોન્ટ્રાકટમાં પંદરેક દિવસ પહેલા નોકરીમાં દાખલ થયેલ હતા અને તેઓના કોન્ટ્રાકટની કામગીરીમાં કાર્યરત હતા. સદર કામગીરીનો કોન્ટ્રાકટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ ધ્વારા એન.જી.ઓ.સાથ, અમદાવાદને આપવામાં આવેલ હતો તે એન.જી.ઓ. ધ્વારા તે કામગીરીનો પેટા કોન્ટ્રાકટ સામાવાળા નં.૧ ને આપવામાં આવેલ હતો. તેઓએ પેટા કોન્ટ્રાકટથી લીધેલ કામગીરીમાં કાર્યરત કામદારોનો કામદાર વળતર અધિનિયમ હેઠળ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની પાસેથી વીમો લીધેલ હતો અને તે રીતે અરજદારનો ગુજરનાર પુત્ર મુકેશભાઈ ડામોર કામદાર વળતર અધિનિયમની વીમા પોલીસી હેઠળ કવર પર્સન હતા. ગુજરનારના અકસ્માત મૃત્યુ બાબતે બાબતે વેજલપુર પોલીસ સ્ટેશને ઈ.પી.કો.કલમ–૩૦૪,૧૧૪ મુજબ એફ.આઈ.આર.નં.૨૫૧/૦૪ થી ગુન્હો નોંધવામાં આવેલ અને તે ગુન્હા અન્વયે નામદાર સીટી સેશન્સ કોર્ટ સમક્ષ સેશન્સ કેસ નં.૩૧૧/૦૫ થયેલો જે કેસમાં તા.૨૩/૦૮/૧૦ ના રોજ ચુકાદો આપી તેઓને નિર્દોષ છોડી મુકવામાં આવેલા છે. અરજદારોના પુત્ર સ્વ. મુકેશભાઈ ડામોરને તા.૧૫/૦૭/૦૪ ના રોજ કામગીરી દરમ્યાન અકસ્માત થયેલ હતો અને તે અકસ્માતમાં તેમનું દુઃખદ અવસાન થયેલ હોઈ તેઓએ કામદારોનો વીમો લીધેલ હોવાથી તા.૧૯/૦૭/૨૦૦૪ ના રોજ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી. શાખા નં.૨ નાને તે અંગે ઈન્ટીમેશન આપી ગુજરનારના વળતર માટે યોગ્ય કાર્યવાહી કરવા માટે તાકીદ કરેલ અને તેમની જાણ મુજબ વીમા કંપની ધ્વારા અરજદારોને વખતો વખત અને અવાર નવાર સંપર્ક સાધી અરજદારના જન્મ તારીખ, કાયદેસરના આશ્રિત અને વારસો સહિતના પુરાવાઓ માટે લેખિતમાં અને મૌખિકમાં માંગણી કરવા છતાં અરજદારો ધ્વારા તેવી માહીતી અને પુરાવા સમયસર પુરા નહી પાડવાને લીધે અરજદારોને કલેઈમની રકમ મળી શકેલ નહી અથવા વીમા કંપની કમિશનરશ્રી સમક્ષ જમા કરાવી શકેલ ન હતી. અરજદારો ધ્વારા તેઓ વિરૂધ્ધ વળતર અરજીમાં કરવામાં આવેલા આક્ષેપો તદ્દન ખોટા, બનાવટી અને પાછળથી ઉપજાવી કાઢેલા છે.

અરજદારો શરૂઆતથી જ સારી રીતે જાણતા હતા કે તેમના પુત્રનો કામદાર વળતર અધિનિયમ હેઠળ વીમો છે અને વીમા કંપની ધ્વારા તેમજ સામાવાળા નં.૧ ધ્વારા અવાર–નવાર અરજદારોના પુત્રનો કલેઈમ પ્રોસેસ કરવા માટે જરૂરી આધાર–પુરવાર અને વિગતો માંગવા છતાં અરજદારો ધ્વારા તે અગમ્ય કારણોસર પુરા પાડવામાં આવેલ ન હતા કે આજદિન સુધી પુરા પાડવામાં આવેલ નથી. અરજદારોના પુત્રને સામાવાળા નં.૧ ની સંસ્થામાં કામગીરી દરમ્યાન થયેલ અકસ્માત બાદ અરજદારોને કાયદાકીય અને પુરેપુરૂ વળતર મળી રહે તે માટે સામાવાળા નં.૧ નાએ સંપૂર્ણ કાયદાકીય ફરજ નિભાવવા ઉપરાંત કલેઈમ જમા કરાવવાથી લઈને તમામ કાયદાકીય વિધી સમયમર્યાદામાં કરેલ હોવા છતાં અરજદારોએ સામાવાળા નં.૧ પાસેથી ખોટી રીતે નાણાં પડાવવાના બદઈરાદાથી સદર અરજી દાખલ કરેલ હોઈ અરજીમાં માંગ્યા મુજબની વળતરની, પેનલ્ટીની કે વ્યાજની કોઈપણ રકમ ચુકવવા સામાવાળા નં.૧ સંસ્થા કાયદેસર રીતે જવાબદાર કયારેય ન હતા. જેથી અરજદારોની અરજી ખર્ચ સહિત રદ કરવી જોઈએ.

**(૫)** આ કામે સામાવાળા નં.૧ તરફે આંક–૦૯ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ તથા એન.જી.ઓ.સાથ, જોધપુર, અમદાવાદ તથા મેનેજરશ્રી, યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી., અમદાવાદને પક્ષકાર તરીકે જોડવા દાદ માંગતી અરજી આપેલ, જે અરજી અન્વયે નોટીસ બજવા છતાં સુચિત પક્ષકાર તરફે જવાબ રજુ ન થતાં મારા પુરોગામીશ્રી ધ્વારા આંક–૦૯ હેઠળ હુકમ કરી સુચિત પક્ષકારોને આ કામે સામાવાળા નં.૪ થી ૬ તરીકે જોડવાનો અને તે મુજબ વળતર અરજીમાં સુધારો કરવાનો હુકમ કરવામાં આવેલો છે. ત્યારબાદ સુચિત પક્ષકાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા આંક–૧૯ થી પક્ષકાર તરીકે જોડવા બાબતની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલો છે.

**(૬)** આ કામે સામાવાળા નં.૨,૩ તરફે આંક–૨૭ થી તેઓને પક્ષકાર તરીકે ડીલીટ કરવા દાદ માંગતી અરજી આપેલ, જે અરજી ઉપર અરજદારો તરફે સામાવાળા નં.૨,૩ ને આ કામેથી પક્ષકાર તરીકે ડીલીટ કરવા વાંધો ન હોવાનો શેરો કરવામાં આવેલ હોઈ શેરાની વિગતે સામાવાળા નં.૨,૩ ને આ કામેથી પક્ષકાર તરીકે ડીલીટ કરવાનો અને તે મુજબ આંક–૦૧ ની અરજીમાં સુધારો કરવાનો હુકમ કરવામાં આવેલો છે.

**(૭)** અરજદારો તરફે આંક–૩૩ થી સુધારા અરજી રજુ કરેલ છે જેમાં આંક–૦૧ ની અરજીમાં જણાવેલ વિગતોનો પુર્નોચ્ચાર કરેલ છે.

**(૮)** સામાવાળા નં.૧ એ આંક–૩૦ થી તેઓએ અગાઉ રજુ કરેલ જવાબને સુધારા અરજીનો જવાબ ગણવા રજુઆત કરેલ છે.

**(૯)** આ કામે અરજદારો તરફે આંક–૩૪ ની પુરસીસથી અરજદાર નં.૧ તા.૧૦/૦૧/૨૦૧૦ ના રોજ ગુજરી ગયેલ હોવાનું જાહેર કરેલ છે.

**(૧૦)** આ કામે આંક–૨૧ ની નોટીસ બજવા છતાં સામાવાળા નં.૪ થી ૬ તરફે જવાબ રજુ કરવામાં આવેલો નથી.

**(૧૧)** આ કામે વીમા કંપનીએ સામાવાળા નં.૨ ના પુરાવાના તબકકે આંક–૪૬ થી જવાબનો હકક રી–ઓપન કરવા અરજી આપી આંક–૪૭ થી લેખિત જવાબ રજુ કરેલો છે જેમાં તેઓએ અરજદારોની અરજીની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, અરજદારોએ અરજીની વિગત, ગુજરનારની ઉંમર, આવક તથા બનાવની વિગતો દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરવી જોઈએ. અરજદારોએ ગુજરનારને થયેલ ઈજાઓ અંગે મેડીકલ એવીડન્સ રજુ કરવો જોઈએ. વીમા કંપનીને સામાવાળા નં.૧ અંબિકા કોર્પોરેશના વીમેદાર તરીકે આ કામે જોડવામાં આવેલ છે પણ વીમા કરાર આ કામે રજુ થયેલ નથી. અંબિકા કોર્પોરેશનના ગુજરનાર મુકેશભાઈ તા.૧૫/૦૭/૦૪ ના રોજ મજુર તરીકે હતા તે હકીકત તેઓ સ્વીકારતા નથી. અરજદારોએ ગુજરનારની આવક પુરવાર કરવા માટે સામાવાળા નં.૧ ના વેતન રજીસ્ટર અને હાજરી પત્રક રજુ કરવા જોઈએ. ગુજરનાર સામાવાળા નં.૧ રાજેશભાઈ બાબુભાઈ પટેલ ના કામદાર હતા જેથી સામાવાળા નં.૧ વળતર માટે જવાબદાર થાય. અરજદારોએ વીમા કંપનીને કોઈ નોટીસ આપેલ નથી. નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ વ્યાજ અને પેનલ્ટી માટે વીમા કંપની જવાબદાર થતી નથી. બનાવ ૨૦૦૪ ના વર્ષનો છે જયારે વીમા કંપનીને ૨૦૧૮ ના આ કેસમાં ૨૦૨૧ માં જોડવામાં આવેલ છે. જેથી નામદાર સુપ્રિમ કોર્ટના ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી. વિ. હર્ષદભાઈ અમૃતભાઈ મોઢીયાના કેસમાં આપવામાં આવેલ ચુકાદો અને નામદાર ગુજરાત હાઈકોર્ટ આઈ.ટી.જી.ટી. વિ. શોભા ઈન્સ્યોરન્સ કંપનીના કેસમાં આપેલ ચુકાદા મુજબ વ્યાજ અને પેનલ્ટી માટે વીમા કંપની જવાબદાર થતી નથી. જેથી વીમા કંપની વિરૂધ્ધની દાદ રદ કરવી જોઈએ.

**(૧૨)** અરજદારોએ આંક–૦૨, આંક–૩૪ અને આંક–૩૫ ના લીસ્ટથી નિ.૨/૧ થી નિ.૨/૮ ના, નિ.૩૪/૧ અને નિ.૩૫/૧ થી નિ.૩૫/૪ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે. જે પૈકી નિ.૨/૧ થી નિ.૨/૪ ના દસ્તાવેજોની નકલ પુનઃ નિ.૩૫/૧ થી નિ.૩૫/૪ થી રજુ કરેલ છે.

| **ક્રમ** | **દસ્તાવેજનો પ્રકાર** | **તારીખ** | **અસલ/નકલ** | **આંક** |
|---|---|---|---|---|
| ૧ | ફરીયાદની નકલ | **૧૫/૦૭/૦૪** | નકલ | નિ.૨/૧ |
| ૨ | સ્થળ પંચનામુ | **–** | નકલ | નિ.૨/૨ |
| ૩ | ઈન્કવેસ્ટ પંચનામુ | – | નકલ | નિ.૨/૩ |
| ૪ | પી.એમ.રીપોર્ટ | ૧૬/૦૭/૦૪ | નકલ | નિ.૨/૪ |
| ૫ | નકલો મેળવવા માટે ભરેલ પૈસાની પહોંચ | ૦૧/૦૯/૦૪ | નકલ | નિ.૨/૫ |
| ૬ | જાતિનો દાખલો | ૦૪/૦૬/૦૯ | નકલ | નિ.૨/૬ |
| ૭ | ચુંટણી કાર્ડ | ૦૯/૦૩/૯૫ | નકલ | નિ.૨/૭ |
| ૮ | રેશન કાર્ડ | – | નકલ | નિ.૨/૮ |
| ૯ | અરજદાર નં.૧ નો મરણનો દાખલો | ૨૬/૦૨/૧૦ | નકલ | નિ.૩૪/૧ |

**(૧૩)** સામાવાળા નં.૧ તરફે આંક–૦૮ ના લીસ્ટથી નિ.૮/૧ થી નિ.૮/૪ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | અસલ/નકલ | આંક |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ ધ્વારા એન.જી.ઓ.સાથ અમદાવાદને આપેલ કોન્ટ્રાકટ | ૧૭/૦૩/૦૪ | નકલ | નિ.૮/૧ |
| ૨ | સામાવાળા નં.૧ નાએ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કું.લી. પાસેથી લીધેલ વીમા પોલીસી | — | નકલ | નિ.૮/૨ |
| ૩ | સામાવાળા નં.૧ નાએ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કું.લી.ને અકસ્માત બાબતે આપેલ ઈન્ટીમેશન | ૧૯/૦૭/૦૪ | નકલ | નિ.૮/૩ |
| ૪ | એસ.પી.સિંગ એન્ડ એસોસીયેટસનાએ સામાવાળા નં.૧ ને લખેલ પત્ર | ૨૭/૦૭/૦૪ | નકલ | નિ.૮/૪ |

**(૧૪)** અરજદાર નં.૨ કમલીબેન ખેતાભાઈ ડામોરે આંક–૪૧ થી એફિડેવીટ પર જુબાની આપેલ છે. તેઓની સામાવાળા નં.૧ તરફે ઉલટ થયા બાદ સામાવાળા નં.૪ થી ૬ તરફે કોઈ ઉલટ માટે હાજર ન રહેતા આંક–૪૩ હેઠળ હુકમ કરી સામાવાળા નં.૪ થી ૬ નો ઉલટનો હકક બંધ કરવામાં આવેલો છે.

આંક–૪૪ ની પુરસીસથી અરજદારોએ તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

**(૧૫)** આંક–૪૫ ની પુરસીસથી સામાવાળા નં.૧ એ તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે. ત્યારબાદ દલીલના તબકકે સામાવાળા નં.૧ તરફે તેમનો પુરાવાનો હકક રી–ઓપન કરવા અરજી આપેલ જે રદ કરવામાં આવેલી છે.

**(૧૬)** સામાવાળા નં.૪,૫ તરફે પુરાવા રજુ ન થતા આંક–૪૮ હેઠળ હુકમ કરી તેઓનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે.

**(૧૭)** સામાવાળા નં.૬ તરફે પુરાવા રજુ ન થતાં આંક–૫૦ હેઠળ હુકમ કરી તેઓનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ. સામાવાળા નં.૬ એ આંક–૫૧ ની પરવાનગી અરજીથી આંક–૫૨ ના લીસ્ટથી વીમા પોલીસીની નકલ રજુ કરેલી છે.

**(૧૮)** અરજદારો તરફે તેમના વિ.વ. શ્રી આર.એન.પારગીએ મૌખિક દલીલો કરેલ છે. સામાવાળા નં.૧ તરફે તેમના વિ.વ.શ્રી આર.એસ.ઠાકુરે આંક–૫૭ થી લેખિત દલીલો રજુ કરેલ છે. સામાવાળા નં.૪,૫ અને ૬ તરફે દલીલના તબકકે હાજર રહી દલીલ કરવામાં ન આવતાં આંક–૫૩ હેઠળ હુકમ કરી તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે

**(૧૯)** દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે આંક–૪૦ થી નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થયેલા છે.

**મુદ્દાઓઃ–**

(૧) શું અરજદારો સાબિત કરે છે કે તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રિત છે?
(૨) શું અરજદારો સાબિત કરે છે કે ગુજરનાર અને સામાવાળાઓ વચ્ચે કામદાર માલિકના સંબંધો હતા?
(૩) શું અરજદારો સાબિત કરે છે કે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ અને તે સામાવાળાઓની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ અકસ્માત ઈજાઓના કારણે થયેલ?
(૪) શું ઉમર તથા વેતન, અકસ્માત ઈજા સમયે ગુજરનારના હતા?
(૫) શું અરજદારો સામાવાળાઓ પાસેથી વળતર, વ્યાજ, અંતિમક્રિયાના ખર્ચ અને અરજી ખર્ચની તથા પેનલ્ટીની રકમ વસુલ મેળવવા હકકદાર બને છે? જો હા તો કેટલી?
(૬) શું વીમા કંપની વળતર, વ્યાજ, અરજી ખર્ચ, અંતિમક્રિયાના ખર્ચ અને પેનલ્ટી અંગે જવાબદાર થાય છે?
(૭) શું હુકમ ?

**(૨૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે

(૧) હકારમાં.
(૨) હકારમાં.
(૩) હકારમાં.
(૪) વળતરની ગણતરી માટે માસીક પગાર રૂા.૨૭૦૦/–, ઉમર ૧૯ વર્ષ
(૫) વ્યાજ અને પેનલ્ટી માટે સામાવાળા નં.૪,૫ પૂરતો નકારમાં, આખરી હુકમ મુજબ.
(૬) વ્યાજ અને પેનલ્ટી માટે સામાવાળા નં.૬ પૂરતો નકારમાં.
(૭) આખરી હુકમ મુજબ.

**(૨૧)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે પ્રથમ મુદ્દો અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિત થાય છે કે કેમ? તે બાબતનો છે. રેકર્ડ જોતાં, અરજદાર નં.૧,૨ નાએ હાલની અરજી ગુજરનારના માતા–પિતા તરીકે દાખલ કરેલી અને ત્યારબાદ કેસ કાર્યવાહી ચાલતા દરમ્યાન અરજદાર નં.૧ એટલે કે ગુજરનારના પિતાનું તા.૧૦/૦૧/૧૦ ના રોજ અવસાન થયેલ છે. આ કામે અરજદાર નં.૨ એ આંક–૪૧ થી એફિડેવીટ પર આપેલ જુબાનીથી અરજીની વિગતોને સમર્થન આપેલ છે. તેણીએ સામાવાળા નં.૧ તરફેની ઉલટમાં તેણીનો પુત્ર ગુજરી ગયેલ ત્યારે તેનું લગ્ન થયેલ નહી તે વાત ખરી હોવાનું, ગુજરનાર સિવાય તેણીના બીજા ચાર છોકરા છે અને તેણીની માત્ર ગુજરનાર પર આશ્રિત ન હતી તે વાત ખરી હોવાનો ઈન્કાર કરેલ છે. અરજદારની સામાવાળા નં.૪ થી ૬ તરફે ઉલટ કરવામાં આવેલ નથી કે વિરૂધ્ધના કોઈ પુરાવા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. અરજદાર નં.૨ એ તેઓની ઉલટમાં ગુજરનાર સિવાય તેણીના બીજા ચાર પુત્રો હતા અને તે ચાર પુત્રોમાંથી રસુલભાઈ પણ બનાવ સમયે ગુજરનારની સાથે જ મજુરી કામ કરતા હતા તેવું તેમની અરજીમાં જણાવેલું છે. અરજદાર દુરદરાજ ગામડાના રહેવાસી અને મજુરી ઉપર નભનારા છે. સામાન્ય

રીતે વતનમાં મજુરી ન મળવાથી કે આવક ઓછી હોવાના કારણે વતન છોડી અન્ય જગ્યાએ મજુરી કામ માટે સંતાનોને મોકલવામાં આવે છે અને આવા સંતાનોની આવકનો ઉપયોગ માતા–પિતા તેમના ભરણપોષણ માટે કરતા હોય છે. ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગના કુટુંબોમાં જીવનનિર્વાહ માટે માત્ર એક વ્યકિતની આવક ઉપર આધાર રાખી જીવનનિર્વાહ કરવો મુશ્કેલ હોય છે અને તેથી કુટુંબના શકય તેટલા વધુ વ્યકિત નાની–મોટી આવક કમાઈને લાવવા માટે પ્રયત્ન કરતા હોય છે. જેથી કમાનાર દરેક વ્યકિતની આવક કુટુંબના નિર્વાહ ખર્ચમાં વપરાતી હોવાથી કુટુંબના તમામ સભ્યો એકબીજાની આવક ઉપર આશ્રિત બને છે. ગુજરનારના મૃત્યુ સમયે લગ્ન થયેલ ન હતા તેને ધ્યાને લેતાં સ્વભાવિક રીતે જ માતા–પિતાને ભરણપોષણમાં આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુસર ગુજરનાર વતન છોડીને અન્ય જિલ્લામાં મજુરી કામ માટે ગયેલા હોય તેવું માનવાને કારણ રહે છે. જેથી અરજદાર નં.૨ ગુજરનારના વિધવા માતા થતા હોઈ તેણીના પતિનું પણ કેસ ચાલતા દરમ્યાન અવસાન થયેલ હોઈ અરજદાર નં.૨ ગુજરનારની આવક ઉપર પુરેપુરા નહી પણ અંશતઃ આશ્રિત બનતા હોઈ તેમનો સમાવેશ કાયદાની કલમ–૨(૧)(ડી) થી આપેલ આશ્રિતની વ્યાખ્યામાં થઈ જાય છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–૨(૧)(ડી) થી આપેલ આશ્રિતની વ્યાખ્યામાં નીચે મુજબ છે.

**<u>Sec.2(1)(d)</u>**

"dependant means" any of the following relatives of deceased employee, namely :-

**i** a widow, a minor legitimate or adopted son, an unmarried legitimate or adopted daughter or a widowed mother; and

**ii** if wholly dependant on the earnings of the employee at the time of his death, a son or a daughter who has attained the age of 18 years and who is infirm;

**iii** if wholly or in part dependant on the earnings of the employee at the time of his death,-

- **a** a widower
- **b** a parent other than a widowed mother,
- **c** a minor illegitimate son, an unmarried illegitimate daughter or a daughter legitimate or illegitimate or adopted if married and a minor or if widowed and a minor,
- **d** a minor brother or an unmarried sister or a widowed sister if a minor,
- **e** a widowed daughter-in-law,
- **f** a minor child of a pre-deceased son,
- **g** a minor child of a pre-deceased daughter where no parent of the child is alive, or
- **h** a paternal grandparent if no parent of the employee is alive;

Explanation : For the purposes of Subclause (ii)

and items (f) and (g) of subclause (iii), references to a son, daughter or child include an adopted son, daughter or child respectively.

**(બી)** આ કામે બીજો અને ત્રીજો મુદ્દો એકબીજા સાથે સંકળાયેલ હોઈ પુનરોકિત દોષ નિવારવા સારૂ તે બંનેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. રેકર્ડ જોતાં અરજદારની રજુઆત એવી છે કે તેઓનો ગુજરનાર પુત્ર મુકેશભાઈ ખેતાભાઈ ડામોર સામાવાળાની અમદાવાદ ખાતે મ્યુનિસિપાલટીની ગટર લાઈનનું કામ ચાલતુ હતુ તે સાઈડ ઉપર ગટર ખોદકામનું મજુરી કામ કરતો હતો અને તા.૧૫/૦૭/૨૦૦૪ ના રોજ સાંજના ૬:૦૦ વાગ્યે તેઓના ગુજરનાર પુત્ર તથા અન્ય બે મજુરોને નવ ફુટ ઉંડી ગટરમાં ખોદકામ કામ કરવા માટે ઉતારેલા અને નવ ફુટ ઉંડી ગટરમાંથી તગારાથી માટી ભરીને ઉપર આપતા હતા તે સમયે ગટરની ભેખડ ઘસી પડવાથી તેઓનો ગુજરનાર પુત્ર દટાઈ ગયેલો. જેથી બધા મજુરોએ ભેગા મળી તેઓના પુત્રને બહાર કાઢી એમ્બ્યુલન્સમાં અમદાવાદ ખાતે આવેલ વાડીલાલ હોસ્પીટલમાં લઈ ગયેલા જયાં ડૉકટરશ્રીએ તપાસ કરતા તેઓના પુત્રને મરણ જાહેર કરેલ. અકસ્માત બાબતે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૨૫૧/૦૪ થી ઈ.પી.કો.કલમ–૩૦૪,૧૧૪ મુજબ ફરીયાદ નોંધાયેલ છે. આ કામે સામાવાળા નં.૧ નાએ તેમના જવાબમાં અરજદારોનો પુત્ર મુકેશભાઈ ખેતાભાઈ ડામોર તેઓનો કોન્ટ્રાકટ કે જે અંબિકા કોર્પોરેશનના નામે ચાલતો હતો તે કોન્ટ્રાકટમાં પંદરેક દિવસ પહેલા નોકરીમાં દાખલ થયેલ હતા અને સદર કામગીરીનો કોન્ટ્રાકટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ ધ્વારા એન.જી.ઓ.સાથને આપવામાં આવેલો અને એન.જી.ઓ. ધ્વારા તે કામગીરીનો પેટા કોન્ટ્રાકટ તેમને આપવામાં આવેલ હતો તે કોન્ટ્રાકટની કામગીરીમાં તા.૧૫/૦૭/૨૦૦૪ ના રોજ કામગીરી કરતા દરમ્યાન ગુજરનાર મુકેશભાઈને અકસ્માત થયેલ અને તે અકસ્માતમાં તેમનું દુઃખદ અવસાન થયેલ છે તેમ કબુલ રાખેલ છે. સામાવાળા નં.૨,૩ નાઓ બનાવ સમયે સામાવાળા નં.૧ ના સુપરવાઈઝર તરીકે કામગીરી કરતા હોય અને તેઓને આ કામેથી પક્ષકાર તરીકે ડીલીટ કરવા વાંધો ન હોવનો શેરો અરજદારોએ કરેલ હોઈ સામાવાળા નં.૨,૩ ને આ કામેથી પક્ષકાર તરીકે ડીલીટ કરવામાં આવેલા છે. જયારે સામાવાળા નં.૪ અને ૫ ને નોટીસ બજવા છતાં તેઓએ કોઈ જવાબ રજુ કરેલો નથી કે પોતાનો કોઈ બચાવ કરેલ નથી. પણ, આ કામે સામાવાળા નં.૪ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા તેઓને પક્ષકાર તરીકે જોડવા બાબતની અરજીના આપેલ જવાબમાં તેઓ અને ગુજરનાર વચ્ચે કામદાર–માલિકના સંબંધો ન હતા. ગુજરનારને સામાવાળા નં.૧ કોન્ટ્રાકટરે કામ ઉપર રાખેલ હોઈ સામાવાળા નં.૧ નાએ જે સંસ્થા પાસેથી કોન્ટ્રાકટ લીધેલ હતો તે મુખ્ય માલિક બને છે તેઓ પક્ષકાર બનતા નથી તેમ જણાવેલું છે. આ કામે અરજદારો તરફે તેઓની રજુઆતના સમર્થનમાં આંક–૦૨ અને આંક–૩૫ ના લીસ્ટથી બનાવ બાબતે વેજલપુર પોલીસ સ્ટેશને નોંધાયેલ ફરીયાદ, બનાવવાળી જગ્યાનું પંચનામુ, ઈન્કવેસ્ટ પંચનામુ જોતાં ગુજરનાર તેમના ભાઈ પરેશભાઈ, રસુભાઈ તથા તેમની ભાભી સુમિત્રાબેન અને બીજા મુજરો સાથે બનાવના પંદર દિવસ અગાઉથી ગુપ્તાનગરમાં મ્યુનિસિપાલટીની ગટર લાઈનનું કામ રાજુભાઈ કોન્ટ્રાકટરના કોન્ટ્રાકટમાં કરતા હતા

તે દરમયાન તા.૧૫/૦૭/૦૪ ના રોજ સાડા છ વાગ્યાના સુમારે ગુજરનાર અન્ય બે મજુરો કમલેશભાઈ અને ભુરજીભાઈ સાથે ગટરમાં ઉતરી ખોદકામ કરતા હતા તે સમયે અચાનક ગટરની ભેખડ ધસી પડતા ગુજરનાર દટાઈ ગયેલા જેથી તેઓને બહાર કાઢી સારવાર અર્થે વી.એસ.હોસ્પીટલમાં લઈ જતા ડૉકટરશ્રીએ મરણ ગયેલ હોવાનું જાહેર કરેલ છે તેમ સ્પષ્ટ જણાવેલું છે. રજુ થયેલ પી.એમ.રીપોર્ટમાં મૃત્યુનું કારણ શ્વાસ લેવાનો બંધ થઈ જતાં લાગેલા આધાતથી શ્વાસોચ્છવાસ બંધ થઈ જતા થયેલ હોવાનું જણાવેલુ છે. આ ઉપરાંત આ કામે સામાવાળા નં.૧ નાએ તેમની રજુઆતના સમર્થનમાં આંક–૦૮ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો જોતાં નિ.૮/૧ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ ધ્વારા સ્લમ નેટવર્કીગ પ્રોજેકટ અંતર્ગત પશ્ચિમ ગામોમાં વાસણા વોર્ડમાં પ્રવિણનગર, ગુપ્તાનગર વિભાગ–ર માં સીસ્ટેમેટીક ડ્રેનજ લાઈન નાંખવાનો કોન્ટ્રાકટ એન.જી.ઓ.સાથ, અમદાવાદને આપેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. નિ.૮/૩ નો પત્ર કે જે સામાવાળા નં.૧ અંબિકા કોર્પોરેશને સામાવાળા નં.૬ વીમા કંપનીને લખેલ છે તેમાં પણ સામાવાળા નં.૧ ની ગટર લાઈનની સાઈટ પ્રવિણનગર, ગુપ્તાનગર વિભાગ–ર, ભરવાડ વાસ, વાસણા મુકામે તા.૧૫/૦૭/૨૦૦૪ ના રોજ તેમના ત્યાં કામ કરતા કારીગર શ્રી મુકેશભાઈ ડામોર, ઉ.વ.૧૯ ને ગટર લાઈનનું કામ કરતા અચાનક ભેખડ ધસી પડતા અકસ્માત થતાં સારવાર દરમ્યાન વી.એસ.હોસ્પીટલમાં તા.૧૫/૦૭/૦૪ ના રોજ અવસાન થયેલ છે તેમ જણાવેલું છે. આમ, રજુ થયેલ પુરાવો અને સામાવાળા નં.૧ ના જવાબ આધારે સામાવાળા નં.૪ નાએ વાસણા વોર્ડમાં ગટર લાઈન નાંખવાની કામગીરી કોન્ટ્રાકટથી સામાવાળા નં.૫ ને આપેલ અને સામાવાળા નં.૫ નાએ સદર કામગીરી પેટા કોન્ટ્રાકટથી સામાવાળા નં.૧ ને આપેલ તે કોન્ટ્રાકટની કામગીરીમાં ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર તરીકે ગટર લાઈન ખોદવાનું કામ કરતા હતા તે દરમ્યાન ગટરની ભેખડ ધસી પડતાં થયેલ અકસ્માત ઈજાના કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે તેવું આ કામે સ્પષ્ટ સાબીત થાય છે અને તેથી કાયદાની કલમ–૧૨ મુજબ સામાવાળા નં.૧ ગુજરનારના સંદર્ભમાં સીધા માલીક બને છે અને સામાવાળા નં.૪,૫ મુખ્ય માલીક બને છે. જેથી મુદ્દા નં.ર અને ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–૧૨ નીચે મુજબ છે.

## Sec.12

**"Contracting"**

**(1)** Where any person (hereinafter in this section referred to as the principal) in the course of or for the purposes of his trade of business contract with any other person (hereinafter in this section referred to as the contractor) for the execution by or under the contractor of the whole or any part of any work which is ordinarily part of the trade of business of the principal, the principal shall be liable to any workman employed in the execution of the work any compensation which he would have been liable to pay if the workman had been immediately

employed by him; and where compensation is claimed from the principal, this Act shall apply as if references to the principal were substituted for references to the employer except theat the amount of compensation shall be calculated with reference to the wages of the workman under the employer be whom he is immediately employed.

**(2)** Where the principal is liable to pay compensation under the section, he shall be entitled to be indemnified by the contractor,or any other person from whom the workman could have recovered compenstion and where a contractor who is himself a principal is liable to pay compensation or to indemnify a principal under this section he shall be entitled to be indemnified by any person standing to him in the relation of a contractor from whom the workman could have recovered compensation, and all questions as to the right to and the amount of any such indemnity shall, in default of agreement, be settled by the Commissioner.

**(3)** Nothing in this section shall be construed as preventing a workman from recovering compensation from the contractor instead of the principal.

**(4)** This section shall not apply in any case where the accident occurred elsewhere that on, in or about the premises on which the principal has undertaken or usually undertakes, as the case may be, to execute the work or which are otherwise under his control or management.

અકસ્માત તારીખે પ્રવર્તમાન કાયદાની કલમ–૨(૧)(ડીડી) થી આપેલ એમ્પલોઈની વ્યાખ્યા જોતાં જુની કલમ–૨(૧)(એન) માં વર્ષ–૨૦૦૦ માં તા.૦૮/૧૨/૨૦૦૦ ના સુધારાથી કેજયુઅલ અને માલીકના ધંધા તથા વેપારને લગતી કામગીરી સિવાયની કામગીરીમાં રોકાયેલ વ્યકિત તે શબ્દને રદ કરવામાં આવેલા છે અને ૨૦૧૫ ના સુધારાથી કામદારના બદલે એમ્પલોઈ (કર્મચારી) શબ્દ મુકવામાં આવેલો છે. જેથી એમ્પલોઈની વ્યાખ્યાનો વ્યાપ વધારવામાં આવેલો હોઈ સામાવાળા નં.૧ ગુજરનારના સંદર્ભમાં માલીક બને છે અને કલમ–૧૨ મુજબ તેઓ મુખ્ય માલીક તરીકે વળતર માટે જવાબદાર બને છે. અકસ્માત તારીખે પ્રવર્તમાન કાયદાની કલમ–૨(૧)(એન) નીચે મુજબ છે.

<u>**2(1)(N) “Workman” means a person, who is–**</u>

**(i)** a railway servant as defined in clause (34) of section 2 of the Railways Act, 1989 (24 of 1989), not permanently employed in any administrative

district or sub-divisional office of a railway and not employed in any such capacity as is specified in Schedule II; or

**(ii)(a)** a master, seaman or other member of the crew of a ship,

**(b)** a captain or other member of the crew of an aircraft,

**(c)** a person recruited as driver, helper, mechanic, cleaner or in any other capacity in connection with a motor vehicle,

**(d)** a person recruited for work abroad by a company,and who is employed outside India in any such capacity as is specified in Schedule II and the ship, aircraft or motor vehicle, or company, as the case may be, is registered in India; or

**(iii)**employed in any such capacity as is specified in Schedule II, whether the contract of employment was made before or after the passing of this Act and whether such contract is expressed or implied, oral or in writing; but does not include any person working in the capacity of a member of the Armed Forces of the Union; and any reference to any employee who has been injured shall, where the employee is dead, include a reference to his dependants or any of them;

**(સી)** આ કામે ચોથો મુદ્દો અકસ્માત તારીખે ગુજરનારના માસીક વેતન અને ઉંમર બાબતનો છે. અરજદારે અરજીમાં સામાવાળા ગુજરનારને દૈનિક રૂ.૧૫૦/– લેખે માસીક રૂ.૪૫૦૦/– પગાર આપતા હતા તેમ જણાવેલું છે. જયારે અરજદાર નં.૨ એ તેઓની આંક–૪૧ ની એફિડેવીટ પરની જુબાનીમાં ગુજરનારનો દૈનિક રૂ.૯૦/–લેખે માસીક રૂ.૨૭૦૦/– પગાર હોવાનું જણાવી નવા સુધારા મુજબ ગુજરનારનો માસીક રૂ.૮૦૦૦/– પગાર ગણીને અકસ્માત વળતર ચુકવવા રજુઆત કરેલ છે. પણ, ગુજરનારની આવક અંગેનો કોઈ પુરાવા રજુ કરેલ નથી. અગાઉ જણાવ્યા મુજબ આ કામે ગુજરનારનું અકસ્માત મૃત્યુ સામાવાળા નં.૧ ની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ હોવાનું સ્પષ્ટ ફલિત થયેલ છે તે સંજોગોમાં ગુજરનારને દૈનિક કે માસીક કેટલી રકમ ચુકવવામાં આવતી હતી? તે અંગે સામાવાળા નં.૧ સ્પષ્ટ માહીતી આપી શકે. પણ, તે અગેની સ્પષ્ટતા કે પુરાવો સામાવાળા નં.૧ નાએ આ કામે રજુ કરેલો નથી. આ બાબતે નિ.૨/૧ ની ફરીયાદ કે જે બનાવ સમયે ગુજનારની સાથે જ કામ કરતા તેમના ભાઈ પરેશભાઈ ધ્વારા આપવામાં

આવેલી છે તેમાં તેઓ રાજુભાઈના કોન્ટ્રાકટમાં ગટર લાઈનનું રૂા.૯૦/– લેખે મજુરીમાં કામ કરતા હતા તેમ સ્પષ્ટ જણાવેલું છે જેને અરજદાર નં.ર નાએ સોગંદ પર સમર્થન આપેલ હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ રહેતું નથી. જેથી વળતરની ગણતરી માટે ગુજરનારનું દૈનિક રૂા.૯૦/– લેખે માસીક વેતન રૂા.ર૭૦૦/– ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

આ કામે અરજદારોએ તેમની આંક–૦૧ ની અરજીમાં અને સોગંદ પરની જુબાનીમાં અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૧૯ વર્ષની હતી તેમ જણાવેલું છે. પણ, ગુજરનારની ઉંમર પુરવાર કરવા માટે જન્મનો દાખલો કે અન્ય કોઈ સબળ પુરાવા રજુ કરેલા નથી. રજુ થયેલ નિ.ર/૧ ની ફરીયાદમાં, નિ.ર/૩ ના ઈન્કવેસ્ટ પંચનામામાં તેમજ નિ.ર/૪ ના પી.એમ.રીપોર્ટમાં ગુજરનારની ઉંમર ૧૯ વર્ષ દર્શાવેલી છે. સદર ફરીયાદમાં જણાવેલ વિગત વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુજરનારના ભાઈ પરેશભાઈ ધ્વારા લખાવવામાં આવેલી તેને ધ્યાને લેતાં તેમજ ઉંમર અંગેના કોઈ વિરૂધ્ધના પુરાવા સામાવાળાઓ તરફે રજુ થયેલ ન હોઈ વળતરની ગણતરી માટે પોલીસ પેપર્સમાં જણાવેલ ગુજરનારની ઉંમર ૧૯ વર્ષની ધ્યાને લેવાનું કાયદાની કલમ–૪, શીડયુલ–૪ લક્ષમાં લેતાં ઠરાવવામાં આવે છે. કાયદાની કલમ–૪ તથા શીડયુલ–૪ ની જોગવાઈ નીચે મુજબ છે.

**<u>કલમ–૪ વળતરની રકમ</u>**

(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધિન વળતરની રકમ નીચે પ્રમાણે રહેશે.

**(એ)....**

**(બી)....**

**ખુલાસો :**(૧) કલોઝ (એ) અને (બી) ના હેતુઓ માટે કામદારના સંબંધમાં સુસંગત પરિબળ એટલે વળતર લેણું થાય તે તારીખ તરત અગાઉના કામદારના છેલ્લા જન્મ દિવસે તેની ઉંમરના પુરા થતા વર્ષો જેટલા જ વર્ષોની સંખ્યા નિયત કરતાં પરિશિષ્ટ–૪ ના પ્રથમ કોલમમાં અપાયેલ નોંધ સામે તે જ પરિશિષ્ટના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરાયેલ પરિબળ.

**(સી)....**

**(ડી).....**

**અનુસૂચિ –૪**
**(જુઓ કલમ–૪)**

| | |
|---|---|
| કાયમી અશકતતા અને મૃત્યુની બાબતમાં ઉચ્ચક વળતરની ગણતરી કરવા માટેના અવયવો જે તારીખે વળતર લેણુપડે તેની તરત પહેલાં આવતી કામદારની છેલ્લી જન્મ તારીખે ઉંમરના પૂરેપુરા વર્ષ | અવયવો |

**(ડી)** આ કામે પાંચમો મુદ્દો સામાવાળાઓ પાસેથી અરજદારો વળતર મેળવવા માટે હકકદાર થાય છે કે કેમ? તે બાબતનો છે. આ કામે સામાવાળા નં.૪ નાએ વાસણા વોર્ડમાં ગટર લાઈન નાંખવાની કામગીરી કોન્ટ્રાકટથી સામાવાળા નં.પ ને આપેલ અને સામાવાળા નં.પ નાએ સદર કામગીરી પેટા કોન્ટ્રાકટથી સામાવાળા નં.૧ ને આપેલ

તે કોન્ટ્રાકટની કામગીરીમાં ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર તરીકે ગટર લાઈન ખોદવાનું કામ કરતા હતા તે દરમ્યાન થયેલ અકસ્માત ઈજાના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ હોઈ કાયદાની કલમ–૧૨ મુજબ સામાવાળા નં.૧ સીધા માલિક તરીકે અને સામાવાળા નં.૪,૫ મુખ્ય માલિક તરીકે વળતરની રકમ ચુકવવા માટે જવાબદાર બને છે. જેથી અરજદાર સામાવાળા નં.૧ અને ૪ થી ૫ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર થાય છે.

આ કામે સામાવાળા નં.૧ એ તેઓની કોન્ટ્રાકટની કામગીરીમાં રોકાયેલા કામદારોનો વીમો સામાવાળા નં.૬ વીમા કંપની પાસેથી તા.૧૪/૦૭/૨૦૦૪ થી તા.૧૩/૦૯/૨૦૦૫ ના સમયગાળા માટે ઉતરાવેલ હતો તેવું નિ.૮/૨ થી રજુ થયેલ પોલીસી શીડયુલ આધારે સ્પષ્ટ સાબીત થાય છે. સદર અકસ્માતનો બનાવ તા.૧૫/૦૭/૨૦૦૪ ના રોજ બનેલ છે. સદર વીમો સામાવાળા નં.૧ ની કોન્ટ્રાકટની કામગીરીમાં રોકાયેલ કામદારોની કામદાર વળતર ધારા હેઠળ ઉપસ્થિત થતી જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવા બાબતે લેવામાં આવેલો હોઈ અને ગુજરનારનું અકસ્માત મૃત્યુ સામાવાળા નં.૧ ની કોન્ટ્રાકટની કામગીરીમાં કામ કરતા દરમ્યાન થયેલ અકસ્માત ઈજાના કારણે થયેલ હોઈ સામાવાળા નં.૧ ની વળતરની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે સામાવાળા નં.૬ જવાબદાર થાય છે. જેથી અરજદાર સામાવાળા નં.૧ અને ૪ થી ૬ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર બને છે.

વળતરની ગણતરી કરીએ તો, અકસ્માત મૃત્યુ સમયે ગુજરનારનાં માસીક વેતન રૂા.૨૭૦૦/–ની ૫૦% રકમ રૂા.૧૩૫૦/– ને કાયદાના શીડયુલ–૪ માં ૧૯ વર્ષ સામે દર્શાવેલ સંબંધીત ગુણાંક ૨૨૫.૨૨ સાથે ગુણતાં રૂા.૩,૦૪,૦૪૭/–(અંકે રૂપિયા ત્રણ લાખ ચાર હજાર સુડતાલીસ પુરા) અકસ્માત મૃત્યુના વળતરની રકમ આવે છે. જે રકમ સામાવાળા નં.૧ અને ૪ થી ૬ સંયુકત અને વિભકત રીતે અરજદાર નં.૨ ને ચુકવી આપવા માટે જવાબદાર બને છે.

**(ઈ)** આ કામે છઠ્ઠો મુદ્દો વળતર ઉપરાંત વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી માટે અરજદારો હકકદાર થાય છે કે કેમ? તે બાબતનો છે. સામાવાળા નં.૧ નાએ તેમના લેખિત જવાબમાં તેઓએ વીમા કંપની પાસેથી તેમના કામદારોનો વીમો ઉતારેલ હોઈ વીમા કંપનીને ઈન્ટીમેશન આપી વળતર માટે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલું અને તેઓની જાણ મુજબ વીમા કંપની ધ્વારા અરજદારોને વખતો વખત અને અવાર નવાર સંપર્ક સાધી ગુજરનારની જન્મ તારીખ, કાયદેસરના આશ્રિતો, વારસદારો સહિતના પુરાવા માટે લેખિતમાં અને મૌખિકમાં માંગણી કરવા છતાં અરજદારોએ આવી માહીતી પુરી પાડેલ ન હોવાથી અને સમયસર પુરાવા પુરા પાડેલ ન હોવાથી અરજદારોને કલેઈમની રકમ મળી શકેલ નથી અથવા તો વીમા કંપની આવી રકમ જમા કરાવી શકેલ નથી. જેથી તેઓએ અરજદારોને વળતરના નાણાં મળી રહે તે માટે કલેઈમ જમા કરાવેલ કાર્યવાહીથી માંડી તમામ કાયદાકીય વિધી સમયમર્યાદામાં કરેલ હોવા છતાં અરજદારોએ તેમની પાસેથી ખોટી રીતે નાણાં પડાવાના બદ ઈરાદાથી અરજી કરેલી છે તેમ જણાવેલું છે. સામાવાળા

નં.૧ એ તેઓની રજુઆતના સમર્થનમાં તેઓએ વીમા કંપનીને તા.૧૯/૦૭/૦૪ ના રોજ લખેલ નિ.૮/૩ નો પત્ર રજુ કરેલો છે. જેમાં તા.૧૫/૦૭/૦૪ ના રોજ ગુજરનાર મુકેશભાઈ ડામોર તેમના ત્યાં કામ કરતા હતા ત્યારે ભેખડ ઘસી પડતાં અકસ્માત થયેલ તેમાં તેમનું મૃત્યુ થયેલ છે તેમ જણાવી ડબલ્યુસી કલેઈમની નોંધ લઈ કાર્યવાહી કરવા જણાવેલું છે. ત્યારપછી સામાવાળા નં.૧ નાએ નિ.૮/૪ થી તા.૨૭/૦૪/૦૪ ના રોજનો એસ.પી.સિંગ એન્ડ એસોસીયેટસનાએ તેઓને ઉદ્દેશીને લખેલ પત્ર રજુ કરેલ છે. જેમાં એસ.પી.સિંગ એન્ડ એસોસીયેટસે તેઓએ સામાવાળા નં.૧ ની ઓફિસે લીધેલ જાત માહીતીના મુલાકાતના અનુસંધાને સામાવાળા નં.૧ નાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ આગોતરા જામીનની અરજીની ફોટો કોપી, ગુજરનારના જન્મનું પ્રમાણપત્ર, રહેઠાણના પુરાવા અને કુટુંબના સભ્યોની માહીતી તેમજ અકસ્માત સમયે ગુજરનાર સાથે કામ કરતા કામદારો સાથે મીટીંગ કરવા જણાવેલું છે. સામાવાળા નં.૧ નાએ રજુ કરેલ સદર પત્રથી માંગવામાં આવેલા દસ્તાવેજો સામાવાળા નં.૧ એ વીમા કંપનીને કે એસ.પી.સિંગ એન્ડ એસોસીયેટસને પુરા પાડેલા હોય કે આ પત્રના અનુસંધાને સામાવાળા નં.૧ નાએ ગુજરનારના આશ્રિતો કે તેના સગાવ્હાલાને પત્ર લખી કે રૂબરૂમાં મળી ગુજરનારનું જન્મનું પમાણપત્ર, રહેઠાણનો પુરાવો કે તેના કુટુંબીજનોની માહીતી માંગી મેળવેલી હોય તેવા કોઈ પુરાવા તેમણે રજુ કરેલા નથી. સામાવાળા નં.૧ નાએ અરજદાર નં.૨ ની કરેલ ઉલટ તપાસમાં પણ લેખિતમાં કોઈ પુરાવા તેમણે અરજદારો પાસે માંગેલ તે બાબતે કોઈ પ્રશ્ન પુછેલ નથી. સામાવાળા નં.૧ નાએ આ કામે કોઈ જ પુરાવો પોતાનો આપેલ નથી. અરજદાર નં.૨ અભણ અને દુરદરાજ ગામડાના આદિવાસી સ્ત્રી છે. તેઓની જુબાનીનું મુલ્યાંકન તેઓના સામાજીક સ્ટેટસને ધ્યાને રાખીને કરવાનું રહે. જેથી ઉલટમાં તેઓએ સામાવાળા નં.૧ નાએ અકસ્માત પછી ગુજરનારના વારસો કોણ છે તે માટેના પુરાવા મેળવવા માટે પ્રયત્ન કરેલ તેવા પ્રશ્નનો સદર અરજદારે જવાબ હકારમાં આપેલ છે તે જવાબ વધુ મહત્વનો બનતો નથી. ખરેખર સામાવાળા નં.૧ નાએ ગુજરનારના વારસો કોણ છે તેના પુરાવા મેળવવા માટેનો પ્રયત્ન તેમણે કરેલ હતો તેવો કોઈ પુરાવો રજુ કરેલો નથી. જો, તેમણે આવો પુરાવો મેળવેલ હોત તો તેઓએ તે સ્વભાવિક રીતે જ વીમા કંપનીને કે એસ.પી.સિંગ એન્ડ એસોસીયેટસને મોકલી આપેલ હોત અથવા તો એસ.પી.સિંગ એન્ડ એસોસીયેટસને તેઓએ અરજદારો ધ્વારા માંગવા છતાં કોઈ પુરાવા પુરા પાડવામાં આવેલા નથી તેવું જણાવેલ હોત. સામાવાળા નં.૧ નાએ આવી કોઈ જાણ વીમા કંપનીને પણ કરેલી નથી. સામાવાળા નં.૧ ની બેદરકારીના કારણે લાંબા સમય સુધી અરજદારોને વળતરની રકમથી વંચીત રહેવુ પડેલ છે. કેસ ચાલતા દરમ્યાન અરજદાર નં.૧ ખેતાભાઈ માલજીભાઈ ડામોરનું ૨૦૧૦ માં અવસાન થયેલું છે. જેથી તેઓ વળતરની કોઈ રકમ મળે તે પહેલા જ મૃત્યુ પામેલા છે. સામાવાળા નં.૧ તરફે તેમની દલીલમાં તેઓએ વીમો લીધેલ હોવાથી વીમા કંપનીની જવાબદારી વળતર, વ્યાજ અને પેનલ્ટીની થાય, તેમની નહી અને તેમણે વીમા કંપનીને અકસ્માત થયાની જાણ કરેલ હોવાથી અને વીમા કંપનીએ તેનો કોઈ જવાબ આપેલ ન હોવાથી વીમા કંપનીની જવાબદારી થાય અને પેનલ્ટી માટે તેઓ જવાબદાર થતા નથી તેવી રજુઆત કરેલ છે. પણ, તેઓને વીમા કંપની ધ્વારા આપવામાં આવેલ જવાબ નિ.૮/૪ થી રજુ થયેલ છે. નિ.૮/૪ નો પત્ર એસ.પી.સિંગ એન્ડ

એસોસીયટેસે આપેલો છે. જે સામાવાળા નં.૧ નાએ વીમા કંપનીમાં ગુજરનારના વળતરનો કલેઈમ નોંધાવેલ તેના અનુસંધાને આપવામાં આવેલો છે. કાયદા અન્વયે વળતર ચુકવી આપવાની પ્રાથમિક જવાબદારી માલીકના માથે નાંખવામાં આવેલી છે. જેથી વીમો લીધેલો છે તેટલા કારણસર માલીક વળતર ચુકવવાની ના પાડી શકે નહી. માલીકે તેમના માનવા મુજબ ચુકવાપાત્ર થતી રકમ, જો તેઓ પુરેપુરી જવાબદારી સ્વીકારતા ના હોય તો જેટલા અંશે પોતાની જવાબદારી સ્વીકારતા હોય તેટલી રકમ, વળતર તરીકે કમિશનરશ્રી સમક્ષ જમા કરાવવાની રહે છે. આ કેસમાં સામાવાળા નં.૧ નાએ ૨૦૦૪ ના અકસ્માત મોત અંગે લાંબા સમય સુધી વળતર પેટે કોઈ રકમ ગુજરનાર તેમનો જ કામદાર હતો તેવું સ્પષ્ટ જાણતા હોવા છતાં અને તેમની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ છે તેવી તેમની રજુઆત હોવા છતાં ગુજરનારના આશ્રિતોને ચુકવી આપેલ નથી કે કમિશનર સમક્ષ જમા કરાવેલ નથી. ૨૦૦૯ માં અરજદારોએ વિલંબ માફની અરજી સાથે વળતર અરજી રજુ કરી તે પછી પણ સામાવાળા નં.૧ નાએ અરજદારોને વળતર પેટે ચુકવી આપવાપાત્ર થતી રકમ કમિશનરશ્રી સમક્ષ જમા કરાવેલ નથી. જેથી સામાવાળા નં.૧ નાએ વળતરની રકમ ચુકવવામાં ખુબ જ બેદરકારી દાખવેલ હોઈ તેઓ વળતરની રકમ પર અકસ્માત મૃત્યુ તારીખથી વસુલ થતાં સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ ચુકવી આપવા માટે કાયદાની કલમ–૪–એ(૩)(એ) મુજબ અને વળતરની રકમની ૫૦% સુધીની રકમ પેનલ્ટી તરીકે ચુકવી આપવા માટે કાયદાની કલમ–૪–એ(૩)(બી) મુજબ જવાબદાર ઠરે છે. અગાઉ જણાવ્યુ છે તેમ સામાવાળા નં.૧ નાએ વળતર રકમ ચુકવી આપવાની પ્રાથમિક જવાબદારી તેઓની હોવા છતાં તે ચુકવી આપવા માટે વીમા કંપનીને જાણ કરેલ છે તે સિવાય તે પછી કોઈ જ કાર્યવાહી કરેલ નથી તેને ધ્યાને વળતરની રકમની પુરેપુરી ૫૦% રકમ રૂા.૧,૫૨,૦૨૪/– (અંકે રૂપિયા એક લાખ બાવન હજાર ચોવીસ પુરા) પેનલ્ટી તરીકે અરજદાર નં.૨ ને ચુકવી આપવા સામાવાળા નં.૧ વિરૂધ્ધ હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. સામાવાળા નં.૪,૫ કાયદાની કલમ–૧૨(૧) મુજબ મુખ્ય માલિક થતા હોઈ અને કલમ–૧૨ માં માત્ર વળતરનો ઉલ્લેખ હોઈ વ્યાજ અને પેનલ્ટી માટે સામાવાળા નં.૪ અને ૫ જવાબદાર થતા નથી. સામાવાળા નં.૧ ગુજરનારના સીધા માલિક થતા હોઈ તેઓ વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી માટે જવાબદાર બને છે.

આ ઉપરાંત રજુ થયેલ વીમા પોલીસીમાં વીમા કંપનીએ કામદાર વળતર ધારા હેઠળ ઉપસ્થિત થતી વ્યાજ અને પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવાનું એકસ્ટ્રા પ્રિમીયમ લઈ સ્વીકારેલ હતુ, તેવુ ફલિત થતુ નથી. જેથી વીમા કંપની કાયદા હેઠળ ઉપસ્થિત થતી સામાવાળા નં.૧ ની વ્યાજ અને પેનલ્ટીની જવાબદારની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે જવાબદાર થતી નથી. નામદાર સુપ્રિમ કોર્ટે **ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની વિ. હર્ષદભાઈ અમૃતભાઈ મોઢીયા અને બીજાઓના** કેસમાં આપેલ ચુકાદો તેમજ **પી.જે.નારાયણ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજાઓના** કેસમાં આપેલ ચુકાદો, જે **અનુક્રમે ૨૦૦૬(૨) ટી.એ.સી.૩૮૧ એસ.સી. અને ૨૦૦૪ એ.સી.જે.૪૫૨** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં ઠરાવ્યા મુજબ કામદાર વળતર ધારા હેઠળ વળતર ચુકવી

આપવાની સ્ટેચ્યુટરી જવાબદારી માલિકના માથે છે, વીમા કંપની ઉપર નહી. જેથી વીમા કંપની વ્યાજની જવાબદારી લેવાનો ઈન્કાર કરી શકે છે. માલિક અને વીમા કંપની વચ્ચે થયેલ વીમા કરારની શરતો અને બોલીઓ આધારે બંનેની જવાબદારી નકકી થાય. આ કેસમાં સામાવાળા નં.૧ તરફે નિ.૮/૨ થી પોલીસી શીડયુલની ઝેરોક્ષ રજુ કરેલ છે તેમાં કયાંય વ્યાજ અને પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવાનું વીમા કંપનીએ સ્વીકારેલ હોય તેવુ દર્શાવવામાં આવેલ નથી. આ કામે સામાવાળા નં.૧ નાએ અસલ વીમા પોલીસી, શરતો અને બોલીઓ સાથેની રજુ કરી વીમા કંપનીએ વ્યાજ અને પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવાનું સ્વીકારેલ હતુ તેવુ દર્શાવેલ નથી. વીમા કંપનીને તેમણે ઉપરોકત જવાબદારી બાબતે અલગથી પ્રિમીયમ ચુકવેલ તેવું પણ સામાવાળા નં.૧ નાએ દર્શાવેલ નથી. જેથી રજુ થયેલ પોલીસી શીડયુલ અને નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાઓ લક્ષમાં રાખતાં, વીમા કંપની સામાવાળા નં.૧ ની વ્યાજ અને પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે જવાબદાર બનતી નથી. જેથી મુદ્દા નં.૫ અને ૬ નો જવાબ વ્યાજ અને પેનલ્ટી અંગે સામાવાળા નં. ૪ થી ૬ પૂરતો નકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ– ૪–એ નીચે મુજબ છે.

**કલમ–૪–એ :**

**4A** Compensation to be paid when due and penalty for default.

**(1)** Compensation under section 4 shall be paid as soon as it falls due.

**(2)** In case where the employer does not accept the liability for compensation to the extent claimed, he shall be bound to make provisional payment based on the extent of liability which he accept, and, such payment shall be deposited with the commissioner or made to the [employee], as the case may be, without prejudice to the right of the [employee] to make any further claim.

**(3)** where any employer is in default in paying the compensation due under this act within one month from the date it fell due, the commissioner shall,

**(a)** direct that the employer shall, in addition to the amount of the arrears,pay simple interest thereon at the rate of twelve percent. per annum or at such higher rate not exceeding the maximum of the lending rates of any scheduled bank as may be specified by the central government, by

notification in the official gazette, on the amount due ; and

**(b)** if in his opinion, there is no justification for the delay, direct that the employer shall, in addition to the amount of the arrears and interest thereon, pay a further sum not exceeding fifty percent of such amount by way of penalty provoded that an order for the payment of penalty shall not be passed under clause(b) without giving a reasonable opportunity to the employer to show cause why it should not be passed.

Explanation – for the purposes of this subsection, "scheduled bank" means a bank for the time being included in the second schedule to the reserve bank of india act, 1934 (2 of 1934).

**(એફ)** આ કામે સામાવાળાઓ ધ્વારા અરજદારને વળતરની રકમ ન ચુકવવાના કારણે અરજદારને આ અરજી કરવી પડેલ હોઈ અરજી ખર્ચના રૂા.૩૦૦૧/– (અંકે રૂપિયા ત્રણ હજાર એક પુરા) અરજદાર નં.૨ ને ચુકવી આપવા માટે સામાવાળા નં.૧ અને ૪ થી ૬ ને સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે.

**(જી)** કાયદાની કલમ–૪(૪) મુજબ ગુજરનારના અંતિમક્રિયાના ખર્ચની રકમ સામાવાળાઓએ ચુકવી આપેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવો રજુ થયેલ ન હોઈ અકસ્માત મૃત્યુ તારીખે પ્રર્વતમાન કાયદાની પરીસ્થિતિ મુજબ અંતિમક્રિયાના ખર્ચની રકમ રૂા.૨૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) અરજદારોને ચુકવી આપવા આથી સામાવાળા નં.૧ અને ૪ થી ૬ ને સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે. કાયદાની કલમ–૪(૪) નીચે મુજબ છે.

**section-4-4**

**(4)** If the injury of the workman results in his death, the employer shall in addition to the compensation under sub section(1), deposit with the Commissioner a sum of Twenty five hundred rupees for payment of the same to the eldest surviving dependant of the works towards the expenditure of the funeral of such workman or where workman did not have a dependent or was not living with his dependent at the time of his

death to the person who actually incurred such expenditure.

**(૨૨)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**(૧)** આથી આ કામના સામાવાળા નં.૧ અને ૪ થી ૬ ને ગુજરનાર મુકેશભાઈ ખેતાભાઈ ડામોરના અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂા.૩,૦૪,૦૪૭/—(અંકે રૂપિયા ત્રણ લાખ ચાર હજાર સુડતાલીસ પુરા), અરજી ખર્ચની રકમ રૂા.૩૦૦૧/— (અંકે રૂપિયા ત્રણ હજાર એક પુરા) તથા અંતિમક્રિયાના ખર્ચની રકમ રૂા.૨૫૦૦/— (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) આ કામના અરજદાર નં.૨ ને ચુકવી આપવા માટે સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે.

**(૨)** આથી સામાવાળા નં.૧ ને અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂા.૩,૦૪,૦૪૭/—(અંકે રૂપિયા ત્રણ લાખ ચાર હજાર સુડતાલીસ પુરા) ઉપર અકસ્માત મૃત્યુ તા.૧૫/૦૭/૨૦૦૪ થી વસુલ થતાં સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ અને વળતરની રકમની ૫૦% રકમ રૂા.૧,૫૨,૦૨૪/— (અંકે રૂપિયા એક લાખ બાવન હજાર ચોવીસ પુરા) પેનલ્ટી તરીકે અરજદાર નં.૨ ને ચુકવી આપવા માટે જવાબદાર ઠરાવવામાં આવે છે.

**(૩)** આથી સામાવાળા નં.૧ અને ૪ થી ૬ ને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન—૩૦ માં તેઓએ અરજદારને ચુકવવાપાત્ર થતી વળતર, વ્યાજ, ખર્ચ, પેનલ્ટી અને અંતિમક્રિયાના ખર્ચની રકમ અત્રેની કચેરીમાં જમા કરાવવી.

**(૪)** સામાવાળા નં.૪ થી ૬ પૂરતી વ્યાજ અને પેનલ્ટીની દાદ આથી રદ કરવામાં આવે છે.

**(૫)** સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૩૦/૦૮/૨૦૨૨
સ્થળ :દાહોદ

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**કમિશનર**
**કર્મચારી વળતર ધારો**
**મજુર અદાલત, દાહોદ**